RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 184 * Date: 24.04.2025,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# જમ્મુ-કાશ્મીરમાં હાલ ૫૬ જેટલા આતંકવાદીઓ સક્રિય, સૌથી વધુ લશ્કર-એ-તૈયબાના : રિપોર્ટ



૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ કાશ્મીરમાં ભયંકર આતંકવાદી હુમલો થયો, જેના લીધે દેશ આખો થથરી ઊઠ્યો. પહેલગામમાં સહેલ કરી રહેલા પ્રવાસીઓને લક્ષ બનાવીને આતંકવાદીઓએ ગોળીબાર કર્યા હતા જેમાં ઓછામાં ઓછા ૨૮ નાગરિકો માર્યા ગયા છે. હુમલાખોરો પાકિસ્તાનથી જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં હાલમાં ઓછામાં ઓછા ૫૬ વિદેશી આતંકવાદીઓ સક્રિય હોવાનો અંદાજ છે. એમાંના ૧૮ 'જૈશ-એ-મોહમ્મદ' (ત્રીસ)ના, ૩ હિઝબુલ મુજાહિદ્દીન (ૐસ)ના અને ૩૫ 'લશ્કર-એ-તૈયબા' (ની) ના હોવાનું કહેવાઈ રહ્યું છે. આ આંકડા સુરક્ષા દળો દ્વારા જાળવવામાં આવેલા રેકોર્ડમાં દર્શાવાયા છે.પહેલગામના હુમલાની જવાબદારી 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (ઈહ્લ) નામના આતંકવાદી જૂથે સ્વીકારી છે, પરંતુ સુરક્ષા દળો અને નિષ્ણાતોએ એમનો દાવો એમ કહીને ફગાવી દીધો છે કે, હુમલા પાછળ અસલી હાથ લશ્કર-એ-તૈયબાનો છે અને લશ્કર-એ-તૈયબા પાકિસ્તાનની જાસૂસી સંસ્થૌંજૈં નું પ્યાદું છે. ટૂંકમાં, આ હુમલાનું કાવતરું પાકિસ્તાને કર્યું છે. સુરક્ષા દળોનો રિપોર્ટ કહે છે કે, જમ્મુ-કાશ્મીરમાં ૧૭ સ્થાનિક આતંકવાદીઓ પણ છે. 'રાષ્ટ્રીય તપાસ એજન્સી' (દ્બૈંછ – ધ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી) આ મુદ્દે તપાસ હાથ ધરે તેવી શક્યતા છે.

જમ્મુ-કાશ્મીરમાં ભૂતકાળમાં પણ પ્રવાસીઓ પર છૂટાછવાયા હુમલા થયા છે, પરંતુ તાજેતરમાં પહેલગામમાં જે થયું એ લેવલનો હુમલો અગાઉ ક્યારેય નથી થયો. ભૂતકાળમાં સ્થાનિક અને વિદેશી બંને આતંકવાદીઓએ મોટાભાગે અમરનાથ યાત્રાળુઓને નિશાન બનાવ્યા હતા, પરંતુ પહેલગામ હુમલામાં તેમણે અલગ વ્યૂહરચના અપનાવી છે. તેથી આ બાબત વિશેષપણે ચિંતાજનક છે. આ આતંકી હુમલાના પરિણામ ગંભીર આવવાના છે. માંડ બેઠો થયેલો કાશ્મીરનો પ્રવાસન ઉદ્યોગ ફરી ઠપ થઈ જશે. પ્રવાસીઓ કાશ્મીર આવતા ડરશે. તેમના બુકિંગ રદ કરશે. હોટલો ખાલી થઈ જશે. પાકિસ્તાન એ જ ઈચ્છે છે કે, કાશ્મીર ભારતથી અલગથલગ થઈ જાય અને રાજ્યમાં તેના આતંકવાદીઓની આણ વર્તાતી રહે.

## વૈશ્વિક માર્ગો પર ભારતીય વાહનોની બોલબાલા, ગત નાણાં વર્ષે રેકોર્ડ નિકાસ



અમદાવાદ : ભારતના ઓટોમોબાઈલ ક્ષેત્રે વૈશ્વિક બજારોમાં ફરી વેગ પકડ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, દેશની કુલ વાહન નિકાસ ૧૯% મજબૂત ઉછળીને ૫૩ લાખ એકમોને પાર કરી ગઈ. સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિયામ) દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા અનુસાર, છેલ્લા નાણાકીય વર્ષમાં કુલ ૫૩.૬૩ લાખ (૫૩,૬૩,૦૮૯) વાહનોની નિકાસ કરવામાં આવી હતી, જે ૨૦૨૩-૨૪માં ૪૫ લાખ (૪૫,૦૦,૪૯૪) એકમોની સરખામણીમાં નોંધપાત્ર વધારો છે.સિયામે કહ્યું હતું કે ભારતમાં ઉત્પાદિત વાહનોના વૈશ્વિક મોડલની ગુણવત્તા અને પ્રદર્શનને કારણે આંતરરાષ્ટ્રીય બજારોમાં તેમની માંગ ઝડપથી વધી છે. એટલું જ નહીં, ઘણી ભારતીય કંપનીઓએ હવે વિકસિત દેશોમાં પણ વાહનોની નિકાસ કરવાનું શરૂ કરી દીધું છે.પેસેન્જર વ્હિકલની નિકાસ ૨૦૨૩-૨૪માં ૬,૭૨,૧૦૫ યુનિટથી ૨૦૨૪-૨૫માં ૧૫% વધીને ૭,૭૦,૩૬૪ યુનિટ રહી હતી. યુટિલિટી વ્હિકલનો હિસ્સો પણ નોંધપાત્ર રીતે વધ્યો હતો અને ૩,૬૨,૧૬૦ એકમોની નિકાસ કરવામાં આવી હતી, જે ગયા વર્ષના ૨,૩૪,૭૨૦ એકમો કરતાં ૫૪% વધુ છે.ટુ-વ્હીલરની નિકાસમાં ૨૧%નો વધારો થયો છે. ૪૧,૯૮,૪૦૩ એકમોની નિકાસ કરવામાં આવી હતી, જ્યારે ગયા વર્ષે ૩૪,૫૮,૪૧૬ એકમોની નિકાસ કરવામાં આવી હતી. આફ્રિકામાં આર્થિક સ્થિરતા અને લેટિન અમેરિકામાં મજબૂત માંગ આ વૃદ્ધિને ટેકો આપે છે. નવા મોડલ અને નવા બજારોની શોધથી પણ નિકાસમાં વધારો થયો છે.કોમર્શિયલ વાહનોની નિકાસમાં ૨૩%ની મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. ગત નાણાકીય વર્ષમાં ૮૦,૯૮૬ યુનિટની વિદેશમાં નિકાસ કરવામાં આવી હતી, જ્યારે અગાઉના વર્ષમાં આ આંકડો ૬૫,૮૧૮ યુનિટ હતો.

## પહલગામ આતંકી હુમલોઃ જમ્મુ-કાશ્મીર સરકારે મૃતકોના પરિજનોને રૂ. ૧૦-૧૦ લાખની સહાય જાહેર કરી



જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે (૨૨ એપ્રિલ) મોટો આતંકવાદી હુમલો થયો હતો. જેમાં ૨૮ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. આ દરમિયાન જમ્મુ-કાશ્મીર સરકારે પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા તથા ગંભીર રીતે ઈજાગ્રસ્તોને ૨-૨ લાખ રૂપિયા તેમજ સામાન્ય ઘાયલોને ૧-૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનું એલાન કર્યું છે.

નિર્દોષ નાગરિકો સાથે ક્રૂરતાના આ બર્બર અને મૂર્ખતાપૂર્ણ કૃત્ય માટે આપણા સમાજમાં કોઈ સ્થાન નથી. અમે તેની કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ. અમે ગુમાવેલા અનમોલ જીવન માટે શોક વ્યક્ત કરીએ છીએ.મુખ્યમંત્રીએ કહ્યું કે કોઈપણ વળતર પ્રિયજનોના નુકસાનની ભરપાઇ ન કરી શકે, પરંતુ સમર્થન અને એકજુટતાના પ્રતીકના રૂપમાં, જમ્મુ-કાશ્મીર સરકાર મૃતકોના પરિવાર માટે ૧૦-૧૦ રૂપિયાના વળતરની જાહેરાત કરીએ છીએ. મુખ્યમંત્રીએ ગંભીર રૂપથી ઈજાગ્રસ્તો માટે ૨ લાખ રૂપિયા અને સામાન્ય ઘાયલોને ૧ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરીએ છીએ. ઉમર અબ્દુલાએ કહ્યું કે મૃતકોના પાર્થિવ શરીરને સન્માનજનક રીતે તેમના ઘર સુધી પહોંચાડવા માટે તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને શ્રેષ્ઠ મેડિકલ સુવિધા પુરી પાડવામાં આવી રહી છે અમારી સંવેદનાઓ આઘાતમાં ડૂબેલા પરિવારો સાથે છે. આ દુખની ઘડીમાં તમારી સાથે ઉભા છીએ.

## અંજારના દુધઈથી ૧૭ કિમી દૂર કેન્દ્રબિંદુ, લોકો ઘર બહાર દોડી આવ્યા

કચ્છમાં લાંબા સમય બાદ મધરાતે ભૂકંપનો શક્તિશાળી આંચકો અનુભવાયો છે. રાત્રે ૧૧.૨૬ કલાકે આવેલા ૫ની તીવ્રતાના આંચકાએ લોકોની ઊંઘ ઉડાડી દીધી હતી. ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી મશીન પર નોંધાયા મુજબ, આંચકાનું કેન્દ્રબિંદુ અંજાર તાલુકાના દુધઈથી ૧૭ કિમી દૂર ઉત્તર-પૂર્વ દિશામાં હતું.ભૂકંપની અસર વાગડ, રાપર, ભચાઉથી લઈને અંજાર, ભુજ અને નખત્રાણા સુધીના વિસ્તારોમાં અનુભવાઈ હતી. આંચકો અનુભવતાં જ લોકો ભયભીત થઈને ઘરની બહાર નીકળી પડ્યા હતા. લોકોએ એકબીજાની ખબર-અંતર પૂછવા ફોન કૉલ્સનો મારો ચલાવ્યો હતો.વામકા ભૂકંપ સંશોધન કેન્દ્રના લેબ આસિસ્ટન્ટ જયેન્દ્રસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, આ આંચકાથી સમગ્ર વાગડ વિસ્તાર ધ્રુજી ઉઠ્યો હતો. આ પહેલાં ૧૬ માર્ચે ભચાઉ નજીક ૩.૨ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો.ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૧ના મહાભૂકંપ બાદ કચ્છમાં સામાન્યથી મધ્યમ કક્ષાના અનેક આંચકાઓ સમયાંતરે નોંધાતા રહે છે. જોકે, આજે રાત્રે આવેલા આંચકાએ લોકોમાં ભયનો માહોલ સર્જ્યો છે.

## ધોરણ ૧થી ૫માં ૨૧ હજારથી વધુ જગ્યાઓ ખાલી, ટેટ-૧ ઉમેદવારોની શિક્ષણમંત્રીને રજૂઆત

રાજ્ય સરકારે વિદ્યા સહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત ધોરણ ૧થી ૫માં ૫ હજાર જગ્યાઓ ભરવાનો નિર્ણય લીધો છે. આ ભરતીમાં ૨૦૧૧થી ૨૦૨૩ સુધીના તમામ ટેટ-૧ પાસ ઉમેદવારો અરજી કરી શકશે.ટેટ-૧ પાસ ઉમેદવારોએ શિક્ષણ મંત્રી અને શિક્ષણ સચિવને રજૂઆત કરી છે. તેમના જણાવ્યા મુજબ, ૩૧ જુલાઈ ૨૦૨૪ની સ્થિતિએ ધોરણ ૧થી ૫માં ૧૬,૧૮૧ જગ્યાઓ ખાલી છે. ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં ૧,૭૯૯ શિક્ષકો નિવૃત્ત થશે. ૩૧ મે ૨૦૨૫ સુધીમાં



વધુ ૩,૩૭૪ શિક્ષકો નિવૃત્ત થવાના છે. ઉમેદવારોનું કહેવું છે કે ૨૦૧૧થી ૨૦૨૪ સુધીૅંઝ ટેટ-૧ પાસ ઉમેદવારોની ભરતી ઓછી થઈ છે. તેમણે પ્રાથમિક શિક્ષણના પાયાને મજબૂત કરવા માટે ભરતી સંખ્યામાં વધારો કરવાની માંગ કરી છે.

કચ્છ જિલ્લાની ભરતી પ્રક્રિયા મે મહિનાના અંત સુધીમાં પૂર્ણ કરવાની પણ માંગ કરવામાં આવી છે. સરકારે ધોરણ ૯થી ૧૨માં ૩,૧૮૭ જગ્યાઓની ભરતી કરી છે. તેવી જ રીતે ધોરણ ૧થી ૫માં કુલ ૨૧,૩૫૪ જગ્યાઓ ખાલી છે. ઉમેદવારોએ વર્તમાન ૫ હજાર જગ્યાઓ ઉપરાંત વધુ ૩થી ૪ હજાર જગ્યાઓનો વધારો કરવાની માંગ કરી છે.

## હેમચંદ્રાચાર્ય યુનિ.ના કુલપતિ-રજિસ્ટ્રારે કોપી કેસ રોકવા માટે આપ્યા સૂચનો

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓના પગલે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.સી. પોરિયા અને રજિસ્ટ્રાર ડૉ. રોહિત દેસાઈએ વિવિધ પરીક્ષા કેન્દ્રોની અચાનક મુલાકાત લીધી હતી.

કુલપતિ અને રજિસ્ટ્રારે સૌ પ્રથમ મહર્ષિ દયાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બાસ્પા ખાતે પહોંચી પરીક્ષા કેન્દ્રની સ્થળ તપાસ કરી હતી. તેમણે પરીક્ષાખંડોમાં જઈને વિદ્યાર્થીઓની પ્રાથમિક તપાસ કરી હતી. આ સાથે કેમ્પસમાં આવેલી વિવિધ કોલેજના પ્રિન્સિપાલ, સિનિયર સુપરવાઈઝર અને મેનેજમેન્ટના સભ્યો સાથે પરીક્ષા અંગે મહત્વની ચર્ચા કરી હતી.

ત્યારબાદ તેઓએ જેઠીબા કે પટેલ એન્ડ બી.એ.પટેલ તથા ડી.બી.વ્યાસ કોમર્સ કોલેજ, ચાણસ્માની મુલાકાત લીધી હતી. અહીં પણ તેમણે પરીક્ષાખંડોની કામગીરીનું નિરીક્ષણ કર્યું અને સ્ટાફ સાથે મુલાકાત કરી હતી. કુલપતિએ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા યોજાય અને વિદ્યાર્થીઓ દ્વારા થતી કોઈપણ પ્રકારની ગેરરીતિ અટકાવવા માટે મહત્વના સૂચનો કર્યા હતા.

તંત્રી લેખ......

# દેશની નિકાસ તથા ઘરેલુ માંગ ઘટવાની સંભાવના

અમેરિકાના રેસિપ્રોકલ ટેરિફને કારણે ભારતની નિકાસમાં ઘટાડો થશે અને ઘરેલુ માગ ધીમી પડશે જેને પરિણામે દેશના એકંદર વિકાસ પર અસર પડશે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના બુલેટિનમાં જણાવાયું છે. અમેરિકા દ્વારા માલસામાનની આયાત પર ટેરિફમાં કરાયેલા વધારા સામે રિઝર્વ બેન્કે ચિંતા વ્યકત કરી હતી અને જણાવ્યું હતું કે, આ ટેરિફને કારણે ભારતની બહારી માગ પર પણ અસર થશે. અન્ય દેશોની સરખામણીએ ભારતને ટેરિફમાં કેટલાક લાભ જોવાઈ રહ્યા છે છતાં ટેરિફને કારણે આવનારી વૈશ્વિક મંદીથી ઘરઆંગણે વિકાસ તથા નિકાસ કામગીરી પર અસર પડવાની સંભાવના રહેલી હોવાનું બુલેટિનમાં નોંધવામાં આવ્યું છે. અમેરિકા દ્વારા ટેરિફની જાહેરાત બાદ, કોમોડિટીના વૈશ્વિક ભાવ અસ્થિર બની ગયા છે. ઊર્જા તથા મેટલ્સના ભાવ ઘટી ગયા છે અને સોનાના ભાવમાં ભારે વોલેટિલિટી જોવા મળી રહી છે. આને પરિણામે ભારતમાં ફુગાવાનું આઉટલુક અનિશ્ચિત બની ગયું છે અન્યથા ખાધ્ય પદાર્થોની કિંમતમાં તાજેતરના દિવસોમાં અપેક્ષા કરતા વધુ ઘટાડો જોવા મળ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ છ મહિનામાં નબળી કામગીરી બાદ વિકાસમાં વધારો થઈ રહ્યો છે, પરંતુ અપેક્ષા પ્રમાણે વિકાસ જોવા મળતો નથી એમ પણ બુલેટિનમાં વધુમાં નોંધવામાં આવ્યું છે. જો કે પૂરવઠા સાંકળની નવરચના, વૈવિધ્યસભર એફડીઆઈ સ્રોતો તથા સ્થિતિસ્થાપકતા શોધતા વૈશ્વિક રોકાણકારો સાથે સંપર્કને કારણે ભારતને લાભ થવાની શકયતા છે.

## આજે પરિમલ ગાર્ડન પાસે આવેલ કોનપલેક્સ સિનેમા ખાતે


# હાસ્ય અને લાગણીઓની જમાવટ સાથે "જય માતાજી લેટસ રોક"નું ધમાકેદાર ટ્રેલર લોન્ચ

અમદાવાદ : આવનારી ફિલ્મ "જય માતાજી લેટસ રોક" ની રિલીઝ ડેટ જાહેર થઇ ત્યારથી જ લોકોમાં ફિલ્મ જોવા અંગેની ઉત્સુકતા વધી ગઈ છે. ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર મલ્હાર ઠાકરની સાથે ટીકુ તલસાણીયા, વંદના પાઠક, શેખર શુક્લા, નીલા મુલ્હેરકર અને વ્યોમા નાંદી જેવા અવ્વલ કક્ષાના કલાકારોની મુખ્ય ભૂમિકા દર્શાવતી ૯ મે, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. દર્શકોની ઉત્સુકતા વધારવા માટે ફિલ્મના મેકર્સ દ્વારા ફિલ્મનું ટ્રેલર લોન્ચ કરાયું છે. ઉલ્લેખનીય છે કે માતૃગૃહ ખાતે વડીલોની હાજરીમાં ફિલ્મનું પોસ્ટર લોન્ચ કરાયું હતું, જેણે દર્શકોમાં સારો બઝ ક્રિએટ કર્યો. ફેમિલી ફ્લિકસના બેનર હેઠળ એન અમદાવાદ ફિલ્મ્સ પ્રોડક્શન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવેલ આ ફિલ્મના દિગ્દર્શક મનીષ સૈની છે. આ મજેદાર કોમેડી- ડ્રામા ફિલ્મના પ્રોડ્યુસર્સ સિદ્ધાર્થ વડોદરિયા, કાજલ વડોદરિયા અને રવિન્દ્ર સંઘવી છે. મનીષ સૈની અને આકાશ જેએચ શાહ નિર્મિત તથા અને સચિન પટેલ દ્વારા સહનિર્મિત આ ફિલ્મના ડાયલોગ્સ મનીષ સૈની તથા નિરેન ભટ્ટ દ્વારા લિખિત છે. ઉપરાંત, આ ફિલ્મના એસોશિએટ પ્રોડ્યુસર અનિરુદ્ધ સિંહ રહેવાર છે. ઉત્કર્ષ મઝુમદાર, આર્યન પ્રજાપતિ, શિલ્પા ઠાકર વગેરે કલાકારો પણ આ ફિલ્મમાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં નજરે પડશે. આ ફિલ્મનું મ્યુઝિક નાઈટ સોન્ગ રેકોર્ડ્સ દ્વારા આપવામાં આવ્યું છે અને ફિલ્મના



ગીતોના શબ્દો ભાર્ગવ પુરોહિત દ્વારા લખાયા છે.ટ્રેલર જોતાં ખ્યાલ આવે છે કે, આ ફિલ્મમાં ૮૦ વર્ષના દાદીની અનોખી સફર છે , જેમનું શાંત અને સરળ જીવન એક સરકારી યોજનાના કારણે અચાનક ઉથલપાથલ થઈ જાય છે. દાદી હવે જીવન પોતાના ધોરણે જીવવા નક્કી કરે છે, અને એ સાથે શરૂ થાય છે મજા, મસ્તી અને પરિવારિક ઉતાર-ચઢાવથી ભરપૂર સફર. ફિલ્મ હાસ્યથી ભરપૂર હોવા છતાં સમાજમાં વૃદ્ધજનોના સ્થાન, નાણાકીય સંઘર્ષો અને પરિવારની મહત્ત્વતા પર એક તીખો સામાજિક વ્યંગ પણ છે."ડિરેક્ટર મનીષ સૈની જણાવે છે કે, "આ ફિલ્મમાં અમે પરિવારીક સબંધો અને સમાજની ગૂંચવણોને મસ્તીમાં વણાયેલી અદ્ભૂત શૈલી સાથે રજૂ કરી છે. એક ૮૦ વર્ષની દાદી, પણ એ સામાન્ય દાદી નથી! તે જિંદગી પોતાની શરતો પર જીવવા તૈયાર છે. ફિલ્મની કાસ્ટ સહીત સમગ્ર ટીમ એ અદભુત કામ કર્યું છે. અમારી આ ફિલ્મ સિનેમાઘરોમાં દર્શકો માટે આ એક અનોખું મનોરંજન બનશે, જે હસાવશે પણ સાથે વિચારવા પણ મજબૂર કરશે." આ કાર્યક્રમ મા રૂપમ સિનેમા ના વંદન શાહ. કોમ્પ્લેક્સ સિનેમા ના રિકીન પટેલ તેમજ આમંત્રિતો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતાફિલ્મનું ટ્રેલર આપણને હસાવે છે, પણ એ પાછળ છૂપાયેલ સંદેશ આપણા હૃદયને સ્પર્શે છે. "જય માતાજી લેટસ રોક" એ હાસ્યથી શરૂ થતી, લાગણીઓ સુધી પહોંચતી એક ફિલ્મ છે – જે દરેક પેઢીને કંઈક કહે છે.

# જાપાન ટૂર દિવસ ૧,૨



માર્ચ ૨૯,૨૦૨૫ ના સાન ફ્રાન્સિસ્કો બેસી અમે તૈવાન તાઈપેઇ ગામમાં ઉતર્યા , ત્યાંથી બીજી ફલાઇટ લઈ અમે ૩૦ માર્ચે નરીતા એરપોર્ટ પર પહોંચ્યા. અમે ફ્લેમિંગો ટૂર લીધી હતી. અમારા ટૂર ગાઈડ સૌરભ અને નિખિલ અમને એરપોર્ટ પર મળ્યાં. યોકોહામા બે હોટેલમાં ૩ રાત માટે ચેક-ઈન કરી અમે મોહન રેસ્ટોરન્ટમાં રાત્રિભોજન કર્યું

દિવસ ૨,

૩૧ માર્ચ નાસ્તો કર્યા પછી, અમે સવારે ૯ વાગ્યે જોવાલાયક સ્થળો જોવા માટે નીકળ્યા. પહેલું સ્ટોપ, ઉમિહોતારુ, ટોક્યો બે એક્વા-લાઈન છે, જે એક પુલ-ટનલ સંયોજન હાઈવે છે જે કાનાગાવા પ્રીફેક્ચરમાં કાવાસાકી શહેરને ચિબા પ્રીફેક્ચરમાં કિસારાઝુ સાથે જોડે છે. તે ટોક્યો બેની મધ્યમાં એક કૃત્રિમ ટાપુ પર આવેલું છે. તે અદભુત દશ્યો પ્રદાન કરે છે. તેમાં રેસ્ટોરાં અને દુકાનો હતી. ૨૩ વર્ષના આયોજન અને ૯ વર્ષ પૂર્ણ થયા પછી ડિસેમ્બર ૧૯૯૭ માં એક્વાલાઇન ખુલી. તેમાં ૪.૪ કિમી (૨.૭ માઇલ) પુલ અને ૯.૬ કિમી (૫.૯ માઇલ) પાણીની અંદરની ટનલનો સમાવેશ થાય છે જે તેને વિશ્વભરમાં સૌથી લાંબી પાણીની અંદરની ટનલ બનાવે છે.

જાપાનનો ઈતિહાસ:

જાપાનમાં પ્રીફેક્ચરનો અર્થ પ્રાંતો અથવા પ્રદેશોનો થાય છે. જાપાનમાં ૪૭ પ્રીફેક્ચર છે. દરેક પ્રીફેક્ચર શહેરો, નગરો અને ગામડાઓમાં વહેંચાયેલું છે. ટોક્યો જાપાનનું સૌથી મોટું શહેર છે જેમાં ૪૧ મિલિયન લોકોની વસ્તી છે જાપાનનો સમૃદ્ધ અને જટિલ ઈતિહાસ હજારો વર્ષો સુધી ફેલાયેલો છે ટોકુગાવા શોગુનેટના શાસન હેઠળના ૨૫૦ વર્ષ દરમિયાન, તે પ્રમાણમાં શાંતિ, રાજકીય સ્થિરતા અને એકલતાનો સમય હતો. કોઈ જાપાનમાં આવ્યું કે બહાર ગયું નહી.

આ સમયગાળો ૧૮૫૩ માં યુએસથી મેથ્યુ પેરી આવ્યા ત્યારે સમાપ્ત થયો, જેના કારણે જાપાનને તેના બંદરો ખોલવાની ફરજ પડી. આંતરિક અશાંતિ અને વિદેશી શક્તિઓના દબાણને કારણે શોગુનેટનો પતન થયું. આનાથી જાપાનનું આધુનિકીકરણ અને ઔદ્યોગિકીકરણ શરૂ થયું. જાપાનમાં ટેકનોલોજી પશ્ચિમી દેશોથી પ્રભાવિત છે.

જાપાનમાં ૧૦૦% સાક્ષરતા છે. જાપાનમાં દરેક વ્યક્તિ પાસે નોકરી છે. જાપાની લોકો માટે નોકરી ન હોવી શરમજનક વાત છે. જાપાનમાં બે ધર્મો છે. એક બુદ્ધિઝમ અને બીજો શિન્ટોઈઝમ. શિન્ટોઈઝમ એ માન્યતાઓ અને પ્રથાઓનો સમૂહ છે જે કામીની પૂજાની આસપાસ કેન્દ્રિત છે, જે આત્માઓ અથવા દેવતાઓ છે. કામી કુદરતી દુનિયામાં વિવિધ વસ્તુઓમાં મળી શકે છે - જેમ કે વૃક્ષો, પર્વતો, નદીઓ, પ્રાણીઓ અથવા તો માનવ પૂર્વજો. તેઓ કુદરતી દુનિયા સાથે ઊંડા જોડાણનું પ્રતિનિધિત્વ કરે છે અને ઘણીવાર તેમને આશીર્વાદ અને ક્રોધ બંને માટે સક્ષમ માનવામાં આવે છે. શિન્ટો ધાર્મિક વિધિઓ શુદ્ધિકરણ, પ્રાર્થના, અર્પણો અને ઉજવણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આનું કારણ એ છે કે, શિન્ટોમાં, કામી અને પ્રકૃતિ સાથે સુમેળ જાળવવા માટે શુદ્ધતા આવશ્યક છે.

જાપાન એક પર્વતીય દેશ છે, જેની ૮૫% જમીન પર્વતોથી ઢંકાયેલી છે. પર્વતીય વિસ્તારોને કારણે, મોટાભાગની જમીન મોટા પાયે ખેતી માટે અયોગ્ય છે. જાપાનમાં ૧૪,૧૨૫ ટાપુઓ છે, જોકે તેમાંથી મોટાભાગના નિર્જન છે. ત્યાં ફક્ત ચાર મુખ્ય ટાપુઓ છે જ્યાં લોકો રહે છે. ટોક્યો, ક્યોટો અને ઓસાકા જેવા મુખ્ય શહેરો હોન્શુ ટાપુ પર સૌથી મોટા અને સૌથી વધુ વસ્તી ધરાવતા છે. ઉત્તરીય ટાપુ હોક્કાઇડો છે, જેનું વાતાવરણ ઠંડુ છે. ક્યુશુ દક્ષિણપશ્ચિમમાં છે, અને ગરમ ઝરણા અને સક્રિય જ્વાળામુખી માટે જાણીતું છે. શિકોકુ સૌથી નાનો ટાપુ છે, જે યાત્રાધામ માર્ગો માટે પ્રખ્યાત છે. પછી અમે શિબુયા ક્રોસિંગ ગયા. શિબુયા સ્ટેશનની સામે લોકપ્રિય રાહદારીઓ ચાલે છે. અમે હાચીકોની પ્રતિમા પણ જોઈ. હાચીકો એક વફાદાર કૂતરાની વાર્તા છે, જે વફાદારી અને ભક્તિનું રાષ્ટ્રીય પ્રતીક છે. હાચીકો ડૉ. હિદેસાબુરો યુએનોની માલિકીનો હતો. યુએનોના મૃત્યુ પછી નવ વર્ષ સુધી, હાચીકો દરરોજ શિબુયા સ્ટેશન પર રાહ જોતો હતો. આ એક પ્રખ્યાત ક્રોસિંગ છે જે ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ જેવી કેટલીક ફિલ્મોમાં દર્શાવવામાં આવ્યું છે. આ પ્રતિમા ૧૯૯૩ માં બનાવવામાં આવી હતી, તે ૨૦૧૦ માં પ્રખ્યાત થઈ. યુવાનો અહીં હેલોવીન અને નવા વર્ષની ઉજવણી કરે છે. શિખર સમયે લગભગ ૩૦૦૦ લોકો શિબુયા ક્રોસિંગ પાર કરે છે. અમે શેરીમાં મારિયો ગો કાર્ટિંગ કરતા પણ જોયું.

ત્યારબાદ અમે ખરીદી માટે ગિન્ઝા સ્ટ્રીટ પર ગયા. આ ટોચના શોપિંગ જિલ્લાઓમાંનું એક છે જ્યાં અપમાર્કેટ બુટિક, રિઝી કોકટેલ અને સુશી બાર છે. અમે રોયલ ઈન્ડિયન રેસ્ટોરન્ટમાં લંચ કર્યું. લંચ પછી અમે ટીમ લેબ્સ પ્લેનેટમાં ગયા. અમે એક મ્યુઝિયમની મુલાકાત લીધી જે ટેકનોલોજી અને પ્રકૃતિનું બહુ-સંવેદનાત્મક મિશ્રણ પ્રદાન કરે છે. અમે પાણી અને નરમ જમીનમાંથી ચાલ્યા. અમે એક તરતો ફૂલોનો બગીચો પણ જોયો જ્યાં ચાના કપમાં અનંત ફૂલો ખીલે છે. ફૂલો ઓર્કિડ હતા, જે માટી વિના પણ ઉગી શકે છે. પાણીમાંથી ચાલતી વખતે અમારે અમુક વિસ્તારોમાં જૂતા ઉતારવા પડતા હતા. અમારા ફરવાના સ્થળોની મુલાકાત પછી, અમે મોહન રેસ્ટોરન્ટમાં રાત્રિભોજન કરી અમે હોટલમાં આરામ માટે ગયાં. ત્રીજા દિવસની રાહમાં. અહી એક વાત ચોક્કસ જણાવીશ કે ફ્લમિન્ગો ટૂરવાળા તમને જમાડવામાં કસર રાખતા નથી . કદાચ એજ ભારતીય સંસ્કાર છે.

સપના વિજાપુરા

# રાજ્યના નાગરિકોને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન આપવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો અભિગમ

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્તરોતર સંગીન બનાવીને નાગરિકો તથા વ્યાપાર, ઉદ્યોગોને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન આપવાનો સુચારુ અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં તમામ જિલ્લાઓમાં રસ્તાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અત્યંત જરૂરિયાતવાળા રસ્તાઓના રિસરફેસિંગ અને અન્ય આનુષાંગિક કામગીરી માટે ૧૧૮ માર્ગોની ૭૩૫ કિલોમીટર લંબાઈમાં આવા કામો હાથ ધરવા ૯૭૫ કરોડ રૂપિયા માર્ગ-મકાન વિભાગ માટે મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત મહેસાણા જિલ્લાના કડી તથા કચ્છના દેશલપર-હાજીપીરમાં રોડ નેટવર્કના વિવિધ કામો માટે કુલ ૨૬૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તદઅનુસાર, મહેસાણા જિલ્લાના મહત્વપૂર્ણ એવા કડી તાલુકામાં આવતા માર્ગોની જરૂરી સુધારણાના ચાર કામો માટે કુલ ૧૭૧ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય શ્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે.

આ ૪ માર્ગોમાં ડાંગરવા-કરજીસણ રોડ તેમજ કડી-જાસલપુર-મોકાસણ-સુરજ રોડના મજબૂતીકરણ, રિસરફેસિંગ અને સી.સી. રોડની કામગીરી માટે કુલ ૨૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.આ જ તાલુકાના અન્ય બે માર્ગો એવા ભાલ્ટી-ધરમપુર-ખાવડ રોડ તેમજ કડી-નાની કડી-બાવડુ- ચંદ્રાસણ -ખોડાનો ઢાળ રોડ જેવા કડી તાલુકા મથક સાથે જોડાતા અગત્યના રસ્તાઓ પરના ટ્રાફિક ભારણને ધ્યાનમાં લઈને આ માર્ગોને ૭ મીટર તથા ૧૦ મીટર પહોળા કરવાની કામગીરી માટે ૧૪૪ કરોડ રૂપિયા મુખ્યમંત્રીશ્રીએ ફાળવ્યા છે. આમ, કડી તાલુકાના માર્ગ સુધારણાના કુલ ૪ કામો માટે ૧૭૨ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના આ માર્ગો સાથે કચ્છ જિલ્લાના યાત્રાધામ હાજીપીરને જોડતા દેશલપર-હાજીપીરના ૩૨ કિલોમીટર લંબાઈના ૭ મીટર પહોળા સ્ટેટ હાઈવે પર અતિભારે વાહનોની અવરજવર ધ્યાનમાં લઈને તેને સી.સી. રોડ બનાવવા માટે ૯૫ કરોડ રૂપિયા ફાળવવાનો પણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ સમગ્રતયા રાજ્યમાં માર્ગોના મજબૂતીકરણ, રિસરફેસિંગ, સી.સી. રોડ વગેરે કામો માટે ૧૨૪૨ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.આના પરિણામે છેવાડાના ગામોના વાહન વ્યવહારને તાલુકા મથક સુધીની અવરજવરમાં સુગમતા રહેશે તેમજ નગરો અને ગ્રામ્ય વિસ્તારોના વિકાસને વેગ મળશે અને ઔદ્યોગિક વિસ્તારના વાહન વ્યવહાર તેમજ હાજીપીર યાત્રાધામ સાથેની કનેક્ટિવિટી પણ સુદ્રઢ થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે માર્ગોના રિસરફેસિંગ અને અન્ય આનુષાંગિક કામો માટેની જે નાણાં ફાળવણી કરી છે તેનાથી જિલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે, મુખ્ય જિલ્લા માર્ગો તેમજ અન્ય ગ્રામ્ય માર્ગ કક્ષાના જરૂરિયાત વાળા રસ્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના આ પ્રજાહિતલક્ષી નિર્ણયથી લોકોને યાતાયાત માટે સારી સપાટી વાળા અને સુવિધાયુક્ત માર્ગો મળશે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે માહિતી ખાતાની નવા કલેવર સાથેની યુઝર ફ્રેન્ડલી વેબસાઈટ લોંચ



ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે માહિતી ખાતાની નવા કલેવર સાથેની યુઝર ફ્રેન્ડલી વેબસાઈટનું ગાંધીનગરમાં લોંન્ચિંગ કર્યુ હતું. આ વેબસાઈટમાં પત્રકારો અને સામાન્ય જનતા સરળતાએ વિવિધ પ્રેસનોટ, પ્રકાશનોનો લાભ લઈ શકશે.મુખ્યમંત્રીશ્રીએ લોંચ કરેલી માહિતી ખાતાની નવિનતમ વેબસાઈટને વધુ યુઝર ફ્રેન્ડલી અને મોબાઈલ ફ્રેન્ડલી બનાવવામાં આવી છે. જેમાં જૂની વેબસાઈટ કરતાં ઘણા વધારે ફિચર પણ એડ કરવામાં આવ્યા છે. જે યુઝરને વધારે ઉપયોગી બની રહેશે.નવી વેબસાઈટમાં પ્રેસનોટને ટેક્સ્ટ ફોર્મેટ, વિડીયો, ફોટો સાથે મલ્ટીમીડિયા ફોર્મેટમાં અપલોડ કરવામાં આવશે. તેમજ પ્રેસનોટને જિલ્લા, વિભાગ અને તારીખ પ્રમાણે ફિલ્ટર કરીને જોઈ શકાશે અને તેને સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર સીધા શેર કરી શકાશે.

આ ઉપરાંત માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા પ્રકાશનોને વાંચવાની, ડાઉનલોડ કરવાની તથા તેને કેટલા વપરાશકર્તાઓએ એક્સેસ કર્યું તે જાણવાની વ્યવસ્થા છે.આ વેબસાઈટમાં ફોટો અને વીડિયો બેક્ર માટે આર્કાઈવ, તારીખ અને કાર્યક્રમ મુજબ શોધી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમજ સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન (જીઈ)ના ઉપયોગ દ્વારા ગુગલ સર્ચમાંથી આ વેબસાઈટ સરળતાથી ઍક્સેસ કરી શકાય તે માટે સુસજ્જ કરવામાં આવી છે.

રાજયના પત્રકારોને વિવિધ પ્રમાણભૂત સગવડો અને લાભો સરળતાથી પ્રાપ્ત થાય, એ હેતુથી અક્રેડિટેશન કાર્ડ પોર્ટલ વિકસિત કરવામાં આવ્યું છે. જેને આ નવીનતમ વેબસાઈટ સાથે જોડવામાં આવ્યું છે.

# સિધ્ધપુરના કલ્યાણા ગામમાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત દ્વારા કોમ્યુનિટી હોલ મંજૂર કરવામાં આવ્યો

સિદ્ધપુર તાલુકાના કલ્યાણા ગામમાં અનુસૂચિત જાતિ સમાજના માટે વટવૃક્ષ સમાન સદભાવ યુવા વિકાસ ટ્રસ્ટ કલ્યાણા નામની સંસ્થા કાર્યરત છે.જે સંસ્થા દ્વારા છેલ્લા પાંચ વર્ષથી શિક્ષણલક્ષી, આરોગ્યલક્ષી રચનાત્મક કાર્યો કરવામાં આવે છે.જેના ભાગરૂપે સદભાવ યુવા વિકાસ ટ્રસ્ટ, કલ્યાણા દ્વારા કેબિનેટ મંત્રીને



કલ્યાણા ગામમાં અનુસૂચિત જાતિ વિસ્તારમાં મોટો કૉમ્યુનિટી હોલ બને તેવી માંગણી કરવામાં આવી હતી.જે માંગણી ને માન્ય રાખી માનનીય કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ગુજરાત રાજ્ય હાથશાળા અને હસ્તકલા વિકાસ નિગમ લિમીટેડ (ગરવી ગુર્જરી) વિભાગમાં અંગત ભલામણ કરીને કોમ્યુનિટી હોલ માટે રૂ.૧૪૬૭૦૦૦/- મંજૂર કરાવી આપવા બદલ સમગ્ર કલ્યાણા ગામના અનુસૂચિત જાતિ સમાજમાં ખૂશીની લાગણી પ્રસરી હતી.તથા માનનીય કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે અગાઉ ના કાર્યકાળમાં પણ અનુસૂચિત જાતિ સમાજના વિસ્તારમાં કોમ્યુનિટી હોલ મંજૂર કરી આપ્યો હતો. સદરહુ હોલનો પણ અત્યારે ઉપયોગ થઈ રહ્યો છે. માનનીય કેબિનેટ મંત્રીના ખૂબ જ સરાહનીય કાર્યો બદલ સમગ્ર દલિત સમાજના લોકોએ તેઓનું શાલ ઓઢાડી સન્માન કરાયું તેમજ ફટાકડા ફોડીને આભાર વ્યકત કર્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS 390**
વિષય : - કહેવાય નહીં
શિર્ષક : - શંકર ની વિરહ વેદના
પ્રકાર : - પદ્ય. શબ્દ સંખ્યા :- ૯૯

★શંકર ની વિરહ વેદના★

અહો નાથ! અહો શંભો! અહો ભોળા ભોળા ભીરુ!
ક્યાં ગયા તમે, ક્યાં ગયા મારા અંધારા દીવા?

આ અંગના ભસ્મમાં તો તમારી જ સુગંધ રમે,
પણ આ શી રીતે સહું – ખંડિત ચંદ્રની વેદના?
ધૂણી તો રહી, ધૂણીમાં ભભૂકતી રાખ જાગે,
પણ મારા પ્રાણ તો ગયા તમારી સાથે ઉડી!

વિખરાયેલા આ ભસ્મકણોમાં શિવ! તમે જ છો,
પણ ક્યાં છે મારું હૈયું? ક્યાં છે મારી પાર્વતી?

આકાશે આંખો ચીંધી, પૃથ્વીને પાતાળ ગળ્યું,
પણ તમ વિના તો ખાલી છે ત્રિલોકની થાળી!

ઓ મારી ઉમા! ઓ મારી ગૌરી! ઓ મારી કાળી!
આ ભસ્મમાંથી ફરી જાગો, મારા હૃદયની આગ ઓલવો!
ઉર્વી મહેશ ભટ્ટ.આદિપુર. કચ્છ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 171**
વિષય: કહેવાય નહીં
શિર્ષક: મનની વાત
પ્રકાર : પદ્ય શબ્દો - ૬૫

મનની વાત મનમાં જ રખાય;
એતો જાહેરમાં કહેવાય નહીં.

સીતા નહીં મંથરાનો છે જમાનો;
એટલે જ ઘણાંને સહેવાય નહીં.
સુમિત્રા ઓછીને કેકેયી છે વધું;
માટે ગમે તેમ વચન અપાય નહીં.

સતયુગ નહીં પણ કળિયુગ છે;
માટે દશરથ થઈને બોલાય નહીં.

શ્રીરામ નથી, નથી દેવાયત પંડિત;
સદભાવના કે ભાવિ કરાય નહીં.

નંદી રઘુકુળને જો જીવવું હોય તો;
કોઈને પણ આજે કંઈ કહેવાય નહીં.

હિંમતનગર. -- ટી.કે.વાઘેલા 'નંદી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષય :-"કહેવાય નહીં"
શિર્ષક :મારા મનની વ્યથા"
પ્રકાર :- પદ્ય. શબ્દો:-૭૫

તને મળવાની વાટ જોઈ જોઈને આજે હું,
એટલો નિરાશ બન્યો છું કે કહેવાય નહીં.

તારા મિલન માટે એવો તડપી રહ્યો છું હું,
એ દિલની વાત પણ કોઈને કહેવાય નહીં.

શમન કરી રહ્યો છુ તારા વિરહની આગનું હું,
દિલ એવુ સળગી રહ્યું છે કે કહેવાય નહીં.

રોજ રાતે સપનામાં તારો ચહેરો જોઈને હું,
એટલો તરસ્યો બન્યો છું કે કહેવાય નહીં.

"મુરલી" હવે તારા વિના એકલો બન્યો છું હું,
એકલતા કેમ મારે સહેવી એ કહેવાય નહીં.

ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:158**
વિષય: કહેવાય નહીં
શીર્ષક: માનવીનું કંઈ કહેવાય નહીં.
પ્રકાર: પદ્ય શબ્દો:૧૦૫

ઈચ્છા કદી મરતી નથી નવો જન્મ ધારણ કરે,
પૈસો પુંજી ધન સંપત્તિ માટે ગમે તે કરે કહેવાય નહીં!
આશા આકાંક્ષા તૃષ્ણા માટે માનવી અટવાયા કરે,
રણમાં મૃગજળ પાછળ દોટ મૂકે કહેવાય નહીં!
પોતાની ભૂલ દેખી અણદેખી કરે,
બીજાની ભૂલ પર જજ બની જાય કહેવાય નહીં!

દુ:ખ પડે ભગવાનને આજીજી કરે યાદ કરે,
ક્યારેક ભગવાનને બદલી નાંખે કહેવાય નહીં!
સાચો રાહ છોડી જ્યાં ત્યાં ભટક્યા કરે,
સત્કર્મો છોડી કુકર્મો કરે કહેવાય નહીં!

'પ્રેમ' આ માનવી ખોટા ઘમંડમાં ફર્યા કરે,
માણસાઈની નેવે મૂકી દે કહેવાય નહીં!

શ્રી પાલજીભાઈ વી. રાઠોડ 'પ્રેમ' આદરીયાણા(સુરેન્દ્રનગર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 00 51**
વિષય : કહેવાય નહીં
શીર્ષક : જીવન દર્પણ જેવું
પ્રકાર : પદ્ય - શબ્દો : ૧૧૩
કુદરત સર્જિત માનવી
કાર્ય કરવા જન્મે..!
ભીંતર મન કેરું
હું પણું દાખવે..!
જીવન દર્પણ જેવું
કહેવાય નહીં તારું..!
પ્રકૃતિનું ચક્રવ્યૂહ રે
કર્મને આધીન ગુણ..!
અંત મારો તારો
સમય સમાન નથી..!
જીવન મધુર આપ્યું
મનખો માણવા માનવી..!
ભવના ભેળા આતો
કુદરતનો નિયમ કહેવાય..!
નામ: ઉર્વશી મહેતા.અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 342**
વિષય : કહેવાય નહીં
શીર્ષક : મન પ્રકાર : પદ્ય

આમ કોઈને કહેવાય નહીં,
ને, ચૂપ પણ રહેવાય નહિ

દિલ જેના થી હડીએ ચડ્યું,
નામ પણ એનું લેવાય નહિ

મન છે, એ માને ના કોઈ વાતે,
દુનિયાને તો દોષ દેવાય નહિ

મને જોઈને મહેફિલ માંથી
એ,
જતા રહે, તો કહેવાય નહીં !

એકાંતમાં તો ઉભરાય શબ્દો,
એની સામે, જોખમ લેવાય નહીં...

લલિત પ્રજાપતિ, બોટાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 378**
વિષય: ''કહેવાય નહિ''
શીર્ષક: "લાગણી"
પ્રકાર: પદ્ય શબ્દ સંખ્યા: ૭૨
લાગણી આંખમાં ઉભરાય તો કહેવાય નહિ,
એમ અમથું કદી વરસાય તો કહેવાય નહિ.
દર્દની કોઈ દવા હોય તો મુજને કહેજો,
ઝેર ઉપચાર બની જાય તો કહેવાય નહિ.
આવશે રોજ કબર પર એ હવે ફૂલો લઈ,
એમ પણ એનું મિલન થાય તો કહેવાય નહિ.
આ જનાજો એ દ્વારે થોડો તો રોકી લેજો,
મોત એથી સુધરી જાય તો કહેવાય નહિ.
આભના તારલા હું વીણું છું એના માટે,
ચાંદ ઈર્ષાથી બળી જાય તો કહેવાય નહિ.

રમેશ શર્મા "વ્યોમ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-173**
વિષય- ' કહેવાય નહીં '
શીર્ષક -" શું કહેવું"
પ્રકાર- પદ્ય શબ્દો - ૧૩૨.

કહેવાનું બધું શું કહેવાઈ નથી ગયું? તો હવે શું કહેવું?
ખુદે જ ઉપજાવેલા દુઃખને સહેવું તો કેમ કરીને સહેવું?
પુરાણો છે એ હરિ મંદિરોમાં ને ઓળખાય છે એ ટીલાંથી! જાણે
નહીં માનવ ક્યાં છે હરિ તહ?તો તેને શું કહેવું?
પૂજાય હરિ,પૂજાય ગુરુઓ,વિલાસિતા શું ધન ની નથી?
ઝાંપે મંદિરનાં હરિનો જ માનવી ભૂખે મરે,તે કોને કહેવું?
જોઈ મંદિરો લાગે છે પવન વધી ગયો છે ભક્તિનો,
સૂરાવલી દયાની જો છેડી ના શકે તો એને શું કહેવું?
કહેલી વાત તો અનકહી થઈ ગઈ કે શું?
નહીં કહેલી,વાત આજ થઈ ગઈ લાગે.
લખાઈ શું ગયું? તેની ખબર રહી નહીં,
પડેલા શબ્દો જમીનમાંથી ઉગતા લાગે.
પ્રવાસ તો હતો નહીં બહુ લાંબો પણ,
અધ-વચ્ચે જ મંઝિલ મળી ગઈ લાગે.
છૂટા-છવાયા વાદળો ને ભેગા કર્યા,
તે જ આજ ઝરમર ઝરમર વરસતાં લાગે.
નામ- ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO :334**
વિષય :-"કહેવાય નહીં"
શીર્ષક :- કહેવાય નહીં...
પ્રકાર :-પદ્ય. શબ્દો:-૮૯

ઘરમંડાણું લાંબા સમયે ક્યારે તૂટે કહેવાય નહીં,
બાંધેલા ઘોડા તબેલામાં ક્યારે વછૂટે કહેવાય નહીં.

આકરા ઉનાળામાં પાણી ક્યારે ખૂટે કહેવાય નહીં,
બોલેલા કટુ વેણમાં સંબંધ ક્યારે તૂટે કહેવાય નહીં.

આડેધડ ઉપભોગમાં સંપત્તિ ક્યારે ખૂટે કહેવાય નહીં,
પર્યાવરણ બગડે ને કુદરત ક્યારે રૂઠે કહેવાય નહીં.

ગ્લોબલ વૉર્મિંગમાં વંટોળ ક્યારે ઉઠે કહેવાય નહીં,
તૈયાર થયેલા ઘરનાં પતરાં ક્યારે ઉડે કહેવાય નહીં.

અંધશ્રદ્ધામાં ડૂબેલા લોકો ક્યારે છૂટે કહેવાય નહીં,
ધરતી શોષી લેતાં અન્નજળ ક્યારે ખૂટે કહેવાય નહીં.

જીવનરૂપી ઝંઝાળનો ખેલ ખૂબ અટપટો છે 'મહેશ'
જીવતે જીવ આયખાનું તેલ ક્યારે ખૂટે કહેવાય નહીં.
મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ ' હિંમતનગર

# સુરતના શૈલેશભાઇ ઘોડા પર કુદરતી સૌંદર્ય માણતા હતા ત્યારે અચાનક ગોળીબાર થયો અને...

કાશ્મીરના પહેલગામમાં મંગળવારે થયેલા આંતકવાદી હુમલામાં મુળ સુરતના પણ મુંબઇમાં રહેતા કળથીયા પરિવારના ચાર સભ્યો પૈકી મોભી એવા ૪૪ વર્ષીય શૈલેશ કળથીયાને ગોળી વાગતા મોત થયાના સમાચાર પ્રાપ્ત થયા છે. જયારે તેમની પત્ની અને પુત્રી-પુત્રનો બચાવ થયો હતો. સુરતમાં આ સમાચાર વાયુવેગે પ્રસરતા પરિવારજનોમાં શોકની કાલીમાં છવાઇ ગઇ છે.

પૃથ્વીનું સ્વર્ગ ગણાતા કાશ્મીરના પહેલગામમાં થયેલા આંતકવાદી હુમલાની ઘટના અંગે મળેલી માહિતી મુજબ મુળ સુરતના વરાછાના ચીકુવાડી વિસ્તારની હરીકુંજ સોસાયટીના વતની અને મુંબઇમાં જ રહેતા અને મુંબઇની એસબીઆઇ બેન્કમાં નોકરી કરતા ૪૪ વર્ષીય શૈલેશભાઇ હિંમત કળથીયા તેમની પત્ની શિતલ કળથીયા, પુત્રી નીતિ, અને પુત્ર નક્ષ સાથે મુંબઈથી કાશ્મીર ફરવા માટે ગયા હતા. દરમ્યાન શ્રીનગરથી પહેલગામ ફરવા ગયા હતા અને




વિવિધ જગ્યાએ ફરીને મંગળવારે તેઓ ત્યાંના મીની સ્વીત્ઝરલેન્ડ ગણાતા સરનવેલીમાં



પહેલગામથી ઘોડા પર બેસીને કુદરતના સૌંદર્યને નિહાળતા હતા. ત્યારે અચાનક આંતકવાદીઓ દ્વારા ધડાધડ ગોળીબાર કરાતા કળથીયા પરિવારના ચાર સભ્યોમાંથી મોભી એવા શૈલેશભાઇને ગોળી વાગતા મૃત્યુ થયાના સમાચાર મળ્યા છે. પરિવારના અન્ય સભ્યો સહી સલામત છે. તેમને ત્યાંથી હોટલમાં લઇ આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે. આતંકવાદી હુમલામાં શૈલેશભાઇના મોતના સમાચાર સુરત રહેતા તેમના સબંધીઓમાં પહોંચતા ઘેરા શોકની લાગણી પ્રસરી છે. સુરત રહેતા તેમના કઝીન ભાઇ મયુરભાઇના મોટાવરાછા ખાતે આવેલા કસ્તુરી બંગલામાં સૌ ભેગા થયા હતા. બાદમાં મયુરભાઇ વાયા અમદાવાદ થઇને કાશ્મીર જવા રવાના થયા હતા.આ અંગે સુરત જિલ્લા કલેકટર ડૉ. સૌરભ પારધીને સ્ટેટ કંટ્રોલમાંથી જાણ થતા અધિક કલેકટર વિજય રબારી અને સીટી પ્રાંત ઓફિસર વિક્રમ ભંડારીને જરૂરી સુચનાઓ આપીને તેમના ભાઇને તમામ મદદ કરવા આદેશ આપ્યો હતો. કલેકટરનું તંત્ર હાલ તેમના ભાઇ સાથે સંર્પકમાં હોવાનું જાણવા મળ્યુ છે.

# કિલીનીકલ રીસર્ચનો ભોગ બનેલ અમરાઈવાડીના પિડીત પરિવારને ભૂગર્ભમાં ઉતારી દેવાયાની આશંકા

વી.એસ.હોસ્પિટલ ખાતે કિલીનીકલ રીસર્ચ કૌભાંડના ભોગ બનેલા અમરાઈવાડીના પરિવારને ભૂગર્ભમાં ઉતારી દેવાયો કે પરિવાર પોતે ભૂગર્ભમાં ઉતરી ગયો એ બાબત દિવસભર ચર્ચાનો વિષય બની હતી. એક વર્ષ અગાઉ અમરાઈવાડી વોર્ડમાં રહેતા પરિવારના એક સભ્ય ઉપર કિલનીકલ ટ્રાયલ કરવામાં આવી હોવાનુ આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળે છે.આ અંગે પ્રાપ્ત થતી વિગત મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વી.એસ.હોસ્પિટલ ખાતે કિલીનીકલ રીસર્ચ કૌભાંડ અંગે ફેબુ?આરી મહિનામાં મ્યુનિ.ના બજેટ સત્રની ચર્ચા દરમિયાન કોંગ્રેસના કોર્પોરેટરે આ મુદ્દે ચર્ચા કરતા ભાજપના હોદ્દેદારોએ તમે બજેટ ઉપર ચર્ચા કરો.એમ કહીને કોર્પોરેટરને રજૂઆત કરતા અટકાવ્યા હતા.જે પછી વી.એસ.હોસ્પિટલ દ્વારા જ આ કૌભાંડની વિગત જાહેર કરી ડોકટર દેવાંગ રાણા સહિત ૮ તબીબો સામે લેવામાં આવેલા પગલાની જાહેરાત મિડીયા સમક્ષ કરાઈ હતી.સોમવારે મ્યુનિસિપલ કોર્પોરેશનની બોર્ડ બેઠકમાં પણ આ મુદ્દે ભારે હોબાળો થયો હતો.કોંગ્રેસના કોર્પોરેટરે મ્યુનિ,કમિશનર સમક્ષ જે પિડીત પરિવારના લોકોને લઈ મળવા સમય માંગ્યો હતો. તે પરિવારના સભ્યે તેમનો મોબાઈલ બંધ કરી દીધો હોવાનુ તથા તેઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાનું બહાર આવવા પામ્યુ છે.

# કરમસદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીની બસ બંધ કરાતા વેકેશનમાં હાલાકી



આણંદ : એસટી બસ વિભાગ દ્વારા કરમસદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીની બસ સેવા શરૂ કરાયા બાદ અચાનક બંધ કરી દેવાતા વેકેશનમાં પર્યટકો હાલાકી ભોગવી રહ્યા છે. મુસાફરોને હવે વાયા વડોદરા કે ભરૂચ થઈને જવાનો વારો આવ્યો છે. ત્યારે આ રૂટમાં પેસેન્જર ઓછા મળતા હોવાથી બસ બંધ કરાઈ હોવાનો તંત્ર દાવો કરી રહ્યું છે.

ગુજરાતના એસટી બસ વિભાગ દ્વારા લોહપુરૂષના વતન કરમસદ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેવડિયા કોલોનીને સાંકળતી સીધી બસ સેવા શરૂ કરીને બે મહત્વનાં ઐતિહાસિક સ્થળો વચ્ચે મુસાફરોને પરિવહનની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી હતી. એસટી બસનો રૂટ ચાલુ કર્યા બાદ છેલ્લા કેટલાક સમયથી કરમસદથી કેવડીયા કોલોની એસટી બસ અગમ્ય કારણોસર બંધ કરી દેવાતા સ્થાનિક મુસાફરો હાલાકી ભોગવી રહ્યા છે.

કરમસદ ઘર આંગણેથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી ડાયરેક્ટ પહોંચવું હવે મુશ્કેલ બન્યું છે. હવે મુસાફરોને વાયા વડોદરા કે ભરૂચ થઈને એસટી કે ખાનગી કે પોતાના વાહનોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીની મુસાફરી કરવી પડે છે. આણંદ એસટી વિભાગે જણાવ્યું હતું કે, આ રૂટમાં પેસેન્જર ઓછા મળે છે, જેથી હાલ રૂટ બંધ કરવામાં આવ્યો છે.

# પહલગામ આતંકી હુમલો નફરત ફેલાવવાનું પરિણામ છે, સંજય રાઉતના કેન્દ્ર પર પ્રહાર

શિવસેના-યુબીટી સાંસદ સંજય રાઉતે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, ‘જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા માટે ભાજપ શાસનની નફરતની રાજનીતિ જવાબદાર છે, જેમાં ૨૬ લોકો માર્યા ગયા.‘



આ સાથે જ પત્રકારે સાથે વાત કરતા સંજય રાઉતે કહ્યું કે, ‘અમિત શાહ દેશના ઈતિહાસના સૌથી મોટા નિષ્ફળ ગૃહમંત્રી છે, તેમણે રાજીનામું આપી દેવું જોઈએ.‘ સંજય રાઉતે આ મામલે વધુમાં કહ્યું કે, ‘પહલગામ આતંકવાદી હુમલા માટે મોદી સરકાર જવાબદાર છે. દેશમાં આંદોલન કરવાના બદલે અમિત શાહ, પીએમ મોદી અને તેમના પરિવારની સુરક્ષા ઘટાડવી વધુ સારું છે. તેમજ સેનામાં સૈનિકો માટે બે લાખ જગ્યાઓ ખાલી છે. ગૃહમંત્રી તે જગ્યાઓ ભરવા પણ તૈયાર નથી. ૨૦૦૦ પ્રવાસીઓએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી. શું કેન્દ્ર સરકારને ખબર નહોતી કે ત્યાં સુરક્ષા વધારવી જોઈએ?‘

સંજય રાઉતે ભાજપ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, ‘જો આતંકવાદીઓ લોકોને મારતા પહેલા ધર્મ પૂછે છે, તો તેના માટે ભાજપની નફરતની રાજનીતિ જવાબદાર છે.‘ રાજયસભાના સભ્યએ દાવો કર્યો કે નફરતની રાજનીતિ એક દિવસ ‘બૂમરેંગ‘ થશે. આ માટે બીજા કોઈ જવાબદાર નથી પણ પશ્ચિમ બંગાળથી જમ્મુ કાશ્મીર સુધી ફેલાયેલા નફરતનું પરિણામ છે.

# પહલગામ આતંકવાદી હુમલાના પગલે સોમનાથ-અંબાજી-દ્વારકા સહિતના મંદિરોની સુરક્ષા વધારાઈ, રાજ્યમાં હાઈ એલર્ટ

જમ્મુ કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં ત્રણ ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. આતંકવાદી હુમલાને પગલે દેશભરમાં હાઈએલર્ટ આપી દેવામાં આવ્યું છે, ત્યારે અમદાવાદ સહિત રાજ્યભરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સુરક્ષા એજન્સીઓ અને ગુજરાત પોલીસે સતર્ક થઇ ગઇ છે. અંબાજી, દ્વારકા અને સોમનાથ સહિતના મંદિરોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. રાજ્યભરના રેલવે સ્ટેશન અને એરપોર્ટ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આ સાથે જ રાજ્યભરમાં પોલીસ ચેકીગ શરૂ કરી દેવામાં આવ્યું છે. શંકાસ્પદ લોકો પર નજર રાખવામાં આવી રહી છે. રાજ્યના બોર્ડર વિસ્તારોમાંની સાથે સાથે સંવેદનશીલ સ્થળો પર વધારાની પોલીસ ટુકડી ગોઠવી દેવામાં આવી છે. અવર-જવર કરી રહેલા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આતંકવાદી હુમલાને પગલે રાજ્યના મહત્ત્વના ગણતા ધાર્મિક સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી છે. જેમાં ખાસકરીને સોમનાથ, દ્વારકા, અંબાજી,



પાવાગઢ સહિતના ધાર્મિક સ્થળોએ પોલીસની ટુકડીઓ ગોઠવી દેવામાં આવી છે. સોમનાથ અને દ્વારકા દરિયા કિનારે આવેલા હોવાથી હાઇ એલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતની ત્રણેય સેનાઓને એલર્ટ કરી દેવામાં આવી છે. પાકિસ્તાની બોર્ડર નજીક હોવાથી ગુજરાત બોર્ડર પર પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. બનાસકાંઠા એસપી અક્ષરાજ મકવાણાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાને પાકિસ્તાની સરહદ અડીને આવેલી છે. બનાસકાંઠાના શક્તિપીઠ અંબાજી યાત્રાધામે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવતા હોય છે, ત્યારે આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખી મંદિરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. અંબાજી મંદિરે એસઓજીની ટીમ અને સ્નાઈપરને સ્ટેન્ડ બાય કરી દેવામાં આવી છે. મંદિરમાં દર્શન કરવા આવતા તમામ શ્રદ્ધાળુઓનું સઘન ચેકિંગ કરવામાં આવશે.

# વિશ્વ પુસ્તક દિવસ : સુરતીઓની વાંચન ભૂખ સંતોષવા શિક્ષણ સમિતિના શિક્ષકોએ વિનામૂલ્યે ફૂટપાથ પર લાઈબ્રેરી શરૂ કરી



સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ત્રણ શિક્ષકના અનોખા પુસ્તક પ્રેમને કારણે આજે હજારો સુરતીઓની વાંચન ભૂખ વિનામૂલ્યે સંતોષવામાં આવી રહી છે. પોતાના પુસ્તક પ્રત્યેનો લગાવ અને આ ડિજિટલ યુગમાં લોકો પણ પુસ્તક તરફ વળે તે માટે સમિતિના ત્રણ શિક્ષકોએ ભેગા મળીને સુરતના બે વિસ્તારમાં ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરી છે. તેનો હજારો લોકો લાભ લઈ વિનામુલ્યે પુસ્તકનું વાંચન કરી રહ્યાં છે.

આજના ઈન્ટરનેટ યુગમાં પુસ્તકનો ઉપયોગ ઓછો થતો જાય છે પરંતુ પુસ્તકના કારણે જ વિદ્યાર્થીઓનું ઘડતર થાય છે અને જ્ઞાનમાં વધારો થાય છે તે વિસરી જવામાં આવ્યું છે. જોકે, આવા યુગમાં પણ બાળકો સાથે સાથે મોટેરાઓ પણ પુસ્તક વાંચતા થાય તે માટે સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ત્રણ શિક્ષકોએ વિના મુલ્યે ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરી છે. ચાર વર્ષ પહેલા શરૂ કરેલી આ પુસ્તક પરબ હવે વિશાળ બની રહી છે અને તેમાં પુસ્તકોનો ખજાનો પણ સતત વધી રહ્યો છે.

સુરતીઓને કોઈ પણ જાતની મેમ્બર ફી કે વાંચન ફી વિના ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરનાર પાલિકાની શાળાના શિક્ષક રાઘવજીભાઈ ડાભી કહે છે, મૂળ સૌરાષ્ટ્રના વતની છે તેઓએ વતનમાં ગામના સહયોગથી ૨૦૦૦ની સાલમાં લાયબ્રેરી શરૂ કરી હતી તે ઘણી જ સમૃદ્ધ હતી. કેટલાક કારણોસર તેઓ સુરત સ્થાયી થયાં હતા. પરંતુ પુસ્તકો પ્રત્યેનો પ્રેમ અને અન્ય લોકો પણ પુસ્તકને અપનાવે તે તરસ હજી પણ એટલી જ હતી. તેથી સમિતિની શાળાના અન્ય શિક્ષકો સામે આ વિચાર મુક્યો તેમાં બે શિક્ષકોએ સહયોગ આપ્યો હતો. સુરતમાં લાયબ્રેરી માટે જગ્યા મોંઘી મળે અને તેનો નિભાવ ખર્ચ પણ વધુ આવે તેથી પુસ્તક ભેગા કરીને તેઓએ ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. મહિનાના પહેલા રવિવારે ઉત્રાણ ખાતે આવેલા ગાર્ડન બહાર ફૂટપાથ પર અને ત્રીજા રવિવારે પુણા યોગીચોક ગાર્ડન બહારના ફુટપાથ પર લાયબ્રેરી શરૂ કરી છે. આ લાયબ્રેરીમાં કોઈ પ્રકારની મેમ્બર ફી નથી કે કોઈ વાંચન ફી નથી. માત્ર વાચકનો મોબાઈલ નંબર વોટ્સએપ નંબર લેવામાં આવે છે અને ત્યાર બાદ જે પુસ્તક પસંદ કરે તે આપવામાં આવે છે. એક મહિના બાદ ફરી લાયબ્રેરી શરૂ થાય ત્યારે તે પુસ્તક જમા કરાવવાનું રહે છે. શરૂઆતમાં લોકો હસતા હતા પરંતુ હવે હજારો લોકો લાભ લઈ રહ્યા છે.

ફુટપાથ લાયબ્રેરીમાં સાથે જોડાયેલા સમિતિના અન્ય શિક્ષક જીતેન્દ્ર મકવાણા કહે છે, અમારી આ લાઈબ્રેરી સંપૂર્ણ લોકો પુસ્તક કે દાન આપે તેનાથી ચાલે છે અને હજારો લોકો પોતાની પસંદ પુસ્તકોનું વાંચન વિના મુલ્યે કરે છે. હાલ અનેક પુસ્તકો છે પરંતુ બાળકો માટેના પુસ્તક તથા અન્ય પુસ્તકોની અછત જરૂર પડે છે. જો કોઈ આ પુસ્તક પરબમાં જોડાવવા માંગતું હોય તો પુસ્તકોનું દાન કરી શકે છે તેથી અન્ય લોકો સુધી આ અક્ષરજ્ઞાન સાથે પુસ્તકોનું નોલેજ પણ વધારી શકાય છે. ૨૩ એપ્રિલ વિશ્વ પુસ્તક દિવસ છે અને આ દિવસે વધુમાં વધુ બાળકો અને લોકો પુસ્તક પ્રત્યેનો લગાવ વધે તે માટે અમારો પ્રયાસ હંમેશા રહે છે. અમારા આ પ્રયાસમાં અનેક લોકો સહભાગી થઈ રહ્યાં છે અને આ લાયબ્રેરીમાં વિના મુલ્યે તેઓ પોતાનો કિંમતી સમય ફાળવીને ફરજ બજાવે છે તેઓ પણ સાચા પુસ્તક પ્રેમીઓ છે.

# પાટણના જૂના ગંજ બજારમાં ગટર ઓવરફલો:માર્ગો પર દૂષિત પાણી ફરી વળ્યું,

પાટણ શહેરના જૂના ગંજ બજાર વિસ્તારમાં બુધવારની વહેલી સવારે ભૂગર્ભ ગટર લાઈન ચોક થવાની ઘટના સામે આવી છે. આ કારણે માર્ગો પર દૂષિત પાણી ફરી વળ્યું હતું. નગરપાલિકાની ભૂગર્ભ શાખાની બેદરકારીને કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં અવારનવાર ભૂગર્ભ ગટરની લાઈનો ચોક થવાની સમસ્યા સર્જાય છે. આ સમસ્યાથી માર્ગો પર દૂષિત પાણી ફેલાય છે. તેનાથી વાહનચાલકો, રાહદારીઓ અને વેપારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.



જૂના ગંજ વિસ્તારમાં ફેલાયેલા દૂષિત પાણીમાંથી અસહ્ય દુર્ગંધ આવતી હતી. સવારના સમયે વેપારીઓને આ દૂષિત પાણીમાંથી પસાર થવું પડ્યું હતું. વેપારીઓએ પાલિકાની ભૂગર્ભ શાખા પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. સ્થાનિકોએ રોગચાળો ફેલાવાની ચિંતા વ્યક્ત કરી છે. વેપારીઓએ માંગ કરી છે કે પાલિકાની ભૂગર્ભ શાખા તાત્કાલિક જેટિંગ મશીન દ્વારા સફાઈ અભિયાન હાથ ધરે અને સમસ્યાનું નિરાકરણ લાવે.

# દિલીપભાઈ નેતાની શ્રદ્ધાંજલિ સભામાં વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

ઊંઝા શ્રી ઉમીયા માતાજી સંસ્થાનના માનદમંત્રી અને ટ્રસ્ટી દિલીપભાઈ નેતાનું તાજેતરમાં નિધન થયું છે. તેમની યાદમાં રંગપુર સમાજની વાડી બહાર માઢ ખાતે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.



દિલીપભાઈ નેતા ઊંઝા નગરના સન્માનનીય વ્યક્તિ હતા. તેઓ નગરની વિવિધ ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. સાથે જ તેઓ રાજકીય પ્રવૃત્તિઓમાં પણ સક્રિય હતા. તેમના અવસાનથી સમગ્ર ઊંઝા નગરની સંસ્થાઓ અને લોકોના હૃદયમાં શૂન્યતાની લાગણી છવાઈ ગઈ છે.યોજાયેલ શ્રદ્ધાંજલિ સભામાં ઊંઝા નગરના નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ પ્રસંગે શહેરની તમામ સામાજિક, શૈક્ષણિક, સેવાકીય, ધાર્મિક, રાજકીય અને વ્યાપારિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ વિવિધ જાતિ-સમાજના લોકોએ એકત્રિત થઈને દિલીપભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# આલમપુરમાં ૧૦ વર્ષ પહેલાં મારામારી કરનારા આરોપીને ૩ વર્ષની જેલ

ગાંધીનગર પાસેના આલમપુર ગામમાં ૧૦ વર્ષ પહેલા બપોરના સમયે બહુચર માતાજીના વાળાવાસમાં મારામારીનો બનાવ બન્યો હતો. અગાઉ કરેલી માથાકુટની અદાવત રાખતા ૪ લોકોએ મારામારી કરી હતી. આ બનાવમા ચિલોડા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલતા એક આરોપીને ત્રણ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર તાલુકાના આલમપુર ગામમાં આવેલા બહુચર માતા વાસમાં ગત ૩૧ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ બાદરજી ચુંથાજી સોલંકીના ઘરની સામે તેમના દીકરા મહોબતને અગાઉની અદાવતમાં ટીનાજી રણજિતજી સોલંકી, સરદારજી બાપુજી સોલંકી, રઘાજી બાપુજી સોલંકી અને કલીબેન રઘાજી સોલંકીએ માર માર્યો હતો. હાથમાં લાકડીઓ અને ધારીયા સાથે મહોબત ઉપર આરોપીઓ તુટી પડ્યા હતા. જેમાં માથામા ગંભીર ઈજાઓ થતા લકવો પડી જતા કાયમી ખોડ ખાંપણ આવી ગઈ હતી.

જેથી આરોપીઓ સામે ચિલોડા પોલીસ મથકમાં મારામારીની ફરિયાદ નોંધાવી હતી. કેસ કોર્ટમાં ચાલતા આરોપીઓ દ્વારા પોતાના બચાવમાં આ ગુનો તેમના દ્વારા કરવામાં આવ્યો જ નથી, તેવુ રટણ રટવામાં આવતુ હતુ. ત્યારે સરકારી વકીલ શિલ્પાબેન સોની દ્વારા આરોપીઓની ઉલટ તપાસ કરવામાં આવતા પુરાવાઓ અને સાક્ષીઓને તપાસ્યા હતા. ટીનાજી રણજિતજી ઠાકોરએ માથામાં ધારીયુ મારતા બેભાન થઇ ગયા હતા.

# બોરીવલીમાં એમસીએફ દ્વારા પિકલબોલ પ્રીમિયર લીગ ટુર્નામેન્ટ યોજાઈ




બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં પિકલબૉલ પ્રીમિયર લીગ ટુર્નામેન્ટ યોજાઈ હતી. એમઆઈ પિક્સની ટીમ વિજેતા અને સ્પેસટેકની ટીમ બીજી આવી હતી.અગાઉ પ્રીમિયર લીગ ટુર્નામેન્ટ યોજાઈ હતી. તે બસવ કેપિટલ એડવાઇઝરીની ટીમે જીતી હતી. બીજા ક્રમે વિટ્સ સ્કોર્પિયન્સ અને ત્રીજા ક્રમે આલ્ફા સ્ટ્રાઈકર્સની ટીમ આવી હતી.

### ભારત વિકાસ પરિષદના પશ્ચિમ ક્ષેત્રના સેવા કન્વીનર તરીકે ફાલ્ગુનભાઈ વોરા ની નિમણુક



અમદાવાદ મણીનગર સ્થિત આરએસએસ મુખ્યાલય ખાતે મળેલ ,ગુજરાત મધ્યપ્રાંત,ભારત વિકાસ પરિષદની વાર્ષિક સામાન્ય સભામાં પ્રાંત પ્રમુખ શ્રી ફાલ્ગુનભાઈ વોરા ની પ્રમુખ તરીકેની જવાબદારીને ચાર વર્ષ પૂર્ણ થવાથી,તેમની ભારત વિકાસ પરિષદ પશ્ચિમ ક્ષેત્ર (ગુજરાત,મહારાષ્ટ્ર, ગોવા)ના સેવા કન્વીનર તરીકેની નિમણૂક કરવામાં આવી હતી. ફાલ્ગુનભાઈ ને અભિનંદન.

# ધોરણ ૧થી ૫માં ૨૧ હજારથી વધુ જગ્યાઓ ખાલી, ટેટ-૧ના ઉમેદવારોની શિક્ષણમંત્રીને રજૂઆત

રાજ્ય સરકારે વિદ્યા સહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત ધોરણ ૧થી ૫માં ૫ હજાર જગ્યાઓ ભરવાનો નિર્ણય લીધો છે. આ ભરતીમાં ૨૦૧૧થી ૨૦૨૩ સુધીના તમામ ટેટ-૧ પાસ ઉમેદવારો અરજી કરી શકશે.ટેટ-૧ પાસ ઉમેદવારોએ શિક્ષણ મંત્રી અને શિક્ષણ સચિવને રજૂઆત કરી છે. તેમના જણાવ્યા મુજબ, ૩૧ જુલાઈ ૨૦૨૪ની સ્થિતિએ ધોરણ ૧થી ૫માં ૧૬,૧૮૧ જગ્યાઓ ખાલી છે. ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં ૧,૭૯૯ શિક્ષકો નિવૃત્ત થશે. ૩૧ મે ૨૦૨૫ સુધીમાં વધુ ૩,૩૭૪ શિક્ષકો નિવૃત્ત થવાના છે. ઉમેદવારોનું કહેવું છે કે



૨૦૧૧થી ૨૦૨૪ સુધી PTC ટેટ-૧ પાસ ઉમેદવારોની ભરતી ઓછી થઈ છે. તેમણે પ્રાથમિક શિક્ષણના પાયાને મજબૂત કરવા માટે ભરતી સંખ્યામાં વધારો કરવાની માંગ કરી છે.

કચ્છ જિલ્લાની ભરતી પ્રક્રિયા મે મહિનાના અંત સુધીમાં પૂર્ણ કરવાની પણ માંગ કરવામાં આવી છે. સરકારે ધોરણ ૯થી ૧૨માં ૩,૧૮૭ જગ્યાઓની ભરતી કરી છે. તેવી જ રીતે ધોરણ ૧થી ૫માં કુલ ૨૧,૩૫૪ જગ્યાઓ ખાલી છે. ઉમેદવારોએ વર્તમાન ૫ હજાર જગ્યાઓ ઉપરાંત વધુ ૩થી ૪ હજાર જગ્યાઓનો વધારો કરવાની માંગ કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.